| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૦૯/૦૫/૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૦૯/૦૫/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૧૦ ૦૨ |

**<u>ગોંડલના મ્હે.બીજા અધિક સીનીયર સીવીલ જજ(કુ.યુ.બી.દેવડા) સાહેબની કોર્ટમાં મુ. ગોંડલ.</u>**

**રે.દી.દા.નં.:૧૫૮/૨૫**

**આંક:૧૮**

**વાદી: કેનરા બેંક**
શ્યામ વાડી, ગોંડલ શાખા.

**<u>વિરૂધ્ધ</u>**

**પ્રતિવાદી: દયાબેન પ્રેમજીભાઈ સરવૈયા**
રહે.સ્ટેશનપ્લોટ, શેરી નં.૩,
ભુલકા ભવન સ્કુલની સામે,
તા.ગોંડલ,જી.રાજકોટ.

**<u>બાબત: રૂા.૧,૯૬,૮૫૧.૩૦/– વસુલ મળવા</u>**

---

**વાદી તરફે : વિ.વ.શ્રી નિલેશકુમાર એમ.ચોવટીયા**
**પ્રતિવાદી તરફે : એક તરફી**

---

**::<u>ચુકાદો</u>::**

**(૦૧)** દાવાની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, વાદી બેંક કેનેરા બેંક કાયદા થી સ્થપાયેલ સંસ્થા છે. જે બેંકીગનુ કામકાજ કરે છે. વાદી બેંક જુદાજુદા શહેરો નગરો તથા ગામોમાં શાખાઓ ધરાવે છે. જેની એક શાખા ગોંડલ માં શ્યામ વાડી સામે આવેલ છે. આ દાવો વાદી બેંક વતી તેના અધીકૃત ઓફીસર વાદી બેંકના લાભાર્થે લાવેલ છે.) વાદી બેંક જુદીજુદી લોન, ખેત ધીરાણ, ધંધાકીય ધીરાણ તેમજ સરકારી યોજના માટેનુ ધીરાણનું કામકાજ કરે છે. પ્રતિવાદી વાદી બેંકમાં ખાતા નં. **૧૭૦૦૦૭૨૨૧૧૯૭** થી ખાતુ ધરાવે છે. પ્રતિવાદીએ વાદી બેંકમાંથી તા.૧૭/૦૧/૨૦૨૩ ના રોજ રૂા.૧,૭૦,૦૦૦/- (અંકે રકમ રૂપીયા એક લાખ સીતેર હજાર પુરા) ની ટર્મ લોન લીધેલ. પ્રતિવાદીએ લીધેલ લોનની રકમ તથા હપ્તો અને તેના ઉપર વ્યાજ ની રકમ નિયમીત ભરપાઈ કરવાની હતી. પરંતુ પ્રતિવાદીએ નિયમીત રીતે ભરપાઈ કરેલ નથી. પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લીધેલ લોન અને તેના પર ચડત વ્યાજ સહીત રકમ રૂા. ૧,૯૬,૮૫૧.૩૦/- (અંકે રકમ રૂપીયા એક લાખ છનુ હજાર આઠસો એકાવન અને ત્રીસ પૈસા પુરા) પ્રતિવાદીના ખાતે વાદી બેંકની લેણી રકમ બાકી રહે છે. વાદી બેંક તરફથી પ્રતિવાદીને આપેલ લોન પરત ચુકવી આપવાની પ્રતિવાદીએ જવાબદારી સ્વીકારેલ છે અને જરૂરી દસ્તાવેજો/લોન એગ્રીમેન્ટ કરી આપેલ છે અને વ્યાજ માટે કાનુનથી થતા ફેરફાર કે રીઝર્વ બેંકની ગાઈડલાઈન મુજબના વ્યાજનો દર ચુકવવા પ્રતિવાદી જવાબદાર છે. વાદી બેંક માંથી પ્રતિવાદીએ લોન-ધીરાણ મેળવેલ છે. તે માટે વાદી બેંકની તરફેણમાં પ્રતિવાદીએ (૧) સેન્કશન લેટર તા:૧૭-૦૧-૨૦૨૩.(૨) હાઈપોથીકેશન એગ્રીમેન્ટ તાઃ૧૭/૦૧/૨૦૨૩. (૩) લેટર ઓફ અન્ડરટેકીંગ તા:૧૭/૦૧/૨૦૨૩.(૪) ડી.પી નોટ તાઃ૧૭/૦૧/૨૦૨૩.(૫) પ્રતિવાદીના ખાતાનું સ્ટેટમેન્ટ.(૬) પ્રતિવાદીને આપેલ નોટીસ. તાઃ-૦૮/૦૩/૨૦૧૫.(૭) નોટીસ રજી.એડી કર્યાની સ્લીપ. (૮) નોટીસ બજી ગયા ની એકનોલેજમેન્ટ/ટ્રેક કન્સાઈનમેન્ટ દસ્તાવેજ કરી આપેલ તથા નોટીસ વ્યવહાર તથા ખાતાના સ્ટેટમેન્ટ દર્શાવેલ છે. વાદી બેંક માંથી પ્રતિવાદીએ મેળવેલ લોન ભરવા માટે પ્રતિવાદીએ નિયત સમયમાં લોન

તથા તેની ઉપરનું વ્યાજ ભરપાઈ કરેલ નથી. તેથી વાદીએ પ્રતિવાદીને લોનની રકમ તથા વ્યાજની રકમ ભરવા માટે વાદી બેંક તરફ થી તા:૦૮/૦૩/૨૦૨૫ ના રોજ નોટીસ આપવામાં આવેલ. જે નોટીસ મળી ગયા બાદ પણ પ્રતિવાદીએ ખાતાની બાકી રકમ ભરપાઈ કરેલ નથી.તેથી દાવો કરવા ફરજ પડેલ છે. ઉપરોકત હકીકતે પ્રતિવાદી પાસે વાદી બેંક ની રકમ રૂ. ૧,૯૯,૮૫૧.૩૦/– (અંકે રકમ રૂપીયા એક લાખ છનુ હજાર આઠસો એકાવન અને ત્રીસ પૈસા પુરા) બાકી લેણી નીકળે છે જે રકમ વાદી બેંક પ્રતિવાદી પાસેથી મેળવવા હાલનો દાવો લાવેલ છે અને દાદ માંગેલ છે કે,(૧) પ્રતિવાદી વાદી બેંકની લોન પેટેની લેણી રકમ રૂ. ૧,૯૬,૮૫૧.૩૦/–(અંકે રકમ રૂપીયા એક લાખ છનુ હજાર આઠસો એકાવન અને ત્રીસ પૈસા પુરા) એકી સાથે ચુકવી આપવાનુ અને પ્રતિવાદીની હરકોઈ પ્રકારની મીલકતમાંથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ અમો વાદીના લાભમાં કરી આપવા નમ્ર અરજ કરેલ છે તથા,(૨) સદરહુ લેણી રકમ ઉપર ૧૨.૩૫ % ટકા લેખે વ્યાજ વસુલાત થાય ત્યાં સુધી ચક્રવૃધ્ધી વ્યાજ અપાવવા તથા આ દાવાનું તમામ ખર્ચ અપાવવા નમ્ર અરજ કરેલ છે તથા,(૩) આ દાવાને અનુરૂપ હરકોઈ દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

**(૦૨)** પ્રતિવાદીને વાદીના દાવાને સમન્સ રજીસ્ટર એ.ડી. પોસ્ટ મારફતે કરતા પ્રતિવાદીને સમન્સ બજ્યા અંગે પોસ્ટ ખાતાની એ.ડી.પાવતી આંક–૧૬ મુજબ બજવણી થયેલ હોવા છતાં, આ કામના પ્રતિવાદી જાતે કે વકીલશ્રી મારફતે મુદત તારીખે હાજર થયેલ નથી કે તેમના તરફે કોઈ અરજી કે રીપોર્ટ રજુ થયેલ નથી, જેથી પ્રતિવાદી વિરૂદ્ધ હાલના દાવાનું કામ એકતરફી આગળ ચલાવવાનો તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

**(૦૩)** આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તવેજી પુરાવા રજુ કરેલ છે.

**::મૌખિક પુરાવા::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૭ | વાદીનું સરતપાસનું સોગંદનામું |

**::<u>દસ્તાવેજી પુરાવા</u>::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | સેકશન લેટર |
| ૨ | ૧૦ | હાયપોથીકેશન એગ્રીમેન્ટ |
| ૩ | ૧૧ | લેટર ઓફ અન્ડરટેકીંગ |
| ૪ | ૧૨ | ડી.પી.નોટ |
| ૫ | ૧૩ | પ્રતિવાદીના ખાતાનું સ્ટેટમેન્ટ |
| ૬ | ૧૪ | બાકી રકમ ચુકવવા માટે નિલેશ એમ. ચોવટીયા એડવોકેટ મારફત આપેલ નોટીસ |
| ૭ | ૧૫ | નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ |
| ૮ | ૧૬ | નોટીસ બજી ગયાની એક્નોલજમેન્ટ /ટ્રેક કન્સાઈનમેન્ટ |

**(૦૪)** વાદી તરફે તેમના વિ.વ.શ્રી નિલેશ એમ.ચોવટીયાની મૌખિક દલીલો સાંભળી.

**(૦૫)** આ દાવાના નિર્ણય માટે તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ આંક-૦૬ થી નીચે મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.:-

**-::<u>મુદ્દા</u>::-**

(1) Whether Plaintiff proves that he is entitled to get Rs.1,96,851.30/-/- from the defendant?

(2) Whether plaintiff is entitled to get interest? If Yes, at what rate?

(3) What order & decree?

**(૦૬)** આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે:–

૧. હકારમાં

૨. હકારમાં, વાર્ષિક ૬ % લેખે

૩. આખરી હુકમ મુજબ

**::કારણો::**

**(૦૭)** ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે. આ કામે વાદીએ આંક–૦૭ થી સી.પી.સી. ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબ સોગંદનામા સ્વરૂપે જુબાની રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેમાં આંક–૧ ની દાવા અરજી મુજબની વિગતો દોહરાવેલ છે જેથી તેની પુન: ચર્ચા કરવામાં આવતી નથી. જયારે આ કામે ઉપરોકત વાદીની સોગંદ પરની જુબાની બિન પડકારાયેલ છે એટલે કે કોઈ જ ઉલટતપાસ કરવામાં આવેલ નથી, તેથી સોગંદ ઉપરની જુબાની જયારે પ્રતિ પક્ષ દ્વારા બિન પડકારાયેલ રાખવામાં આવી હોય ત્યારે તે નહિ માનવાને કોઈ કારણ નથી.

**(૦૮)** વધુમાં, વાદી પક્ષે આંક–૦૯ થી સેકશન લેટર, આંક–૧૦ થી હાયપોથીકેશન એગ્રીમેન્ટ, આંક–૧૧ થી લેટર ઓફ અન્ડરટેકીંગ, આંક–૧૨ થી ડી.પી.નોટ, આંક–૧૩ થી પ્રતિવાદીના ખાતાનું સ્ટેટમેન્ટ, આંક–૧૪ થી બાકી રકમ ચુકવવા માટે નિલેશ એમ.ચોવટીયા એડવોકેટ મારફત આપેલ નોટીસ, આંક–૧૫ થી નોટીસ રજી. એડી. કર્યાની સ્લીપ, આંક–૧૬ થી નોટીસ બજી ગયાનસ એકનોલજમેન્ટ/ટ્રેક કન્સાઈનમેન્ટ રજુ કરેલ છે. વાદીએ રજુ કરેલા ઉપરોકત દસ્તાવેજો પુરવાર થતા હોય આંક પાડવામાં આવેલ છે જે દસ્તાવેજોને પ્રતિવાદીએ પડકારેલ નથી તેવા સંજોગોમાં તે નહિ માનવાને કોઈ જ કારણ નથી.

**(૦૯)** આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ હાલના દાવાનું કામ એકતરફી ચાલેલ છે, પ્રોસેસ બજી જવા છતાં પ્રતિવાદીએ અદાલતમાં હાજર રહેવાનું મુનાસિફ માનેલ નથી તેમજ એવુ અનુમાન થઈ શકે કે પ્રતિપક્ષ સોગંદ ઉપરની જુબાનીને સાચી માનીને ચાલે છે, આ સંજોગોમાં વાદીની જુબાનીની હકીકતો તેમજ રજુ થયેલા દસ્તાવેજો માનવામાં આવે છે.

**(૧૦)** સદર કામે પડેલ પુરાવાનું મુલ્યાંકન કરતા વાદી દવારા તેમના સરતપાસના સોગંદનામામાં દાવાની હકીકતો અનુરૂપ વાદી બેંકીગનું કામકાજ કરે છે અને પ્રતિવાદી વાદીની બેંકમાં ખાતા નં.૧૭૦૦૦૭૨૨૧૧૯૭થી ખાતુ ધરાવે છે અને પ્રતિવાદીએ વાદીની બેંકમાંથી તા.૧૭/૦૧/૨૦૨૩ ના રોજ રૂા.૧,૭૦,૦૦૦/– ની ટર્મ લોન લીધેલ. પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લીધેલ લોનના હપ્તા તેના ઉપર ચડત વ્યાજની રકમની નિયમિત ભરપાઈ કરેલ ન હોવાથી રૂા.૧,૯૬,૮૫૧.૩૦/– પ્રતિવાદીના ખાતે વાદી બેંકની લેણી રકમ બાકી નીકળે છે.સદરહું બાકી રકમ રૂા.૧,૯૬,૮૫૧.૩૦/– પુરા પ્રતિવાદીએ ભરપાઈ ન કરેલ હોવાથી વાદી બેંક દ્વારા તા.૦૮/૦૩/૨૦૧૫ ના રોજ નોટીસ આપવામાં આવેલ. જે નોટીસની બજવણી પ્રતિવાદીને થયેલ છે. તેમ છતાં બાકી નીકળતી રકમની ચુકવણી કરેલ નથી. જેથી વાદીએ હાલનો દાવો લેણી રકમ વસુલ લેવા માટે કરેલ છે. આમ, ઉપરોકત હકીકતો જોતા પ્રતિવાદીએ વાદીની લેણી રકમ ચુકવેલ નથી તે હકીકતનું પ્રતિવાદી તરફે ખંડન કરવામાં આવેલ નથી, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(જી) મુજબ પ્રતિવાદીની વિરૂધ્ધનું અનુમાન કરવુ પડે. ત્યારે સદર હકીકતને સમર્થન આપવા નામદાર સર્વોચ્ચ અદાલતના નીચે મુજબના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ધ્યાને લીધેલ છે. જે નીચે મુજબ છે. **It is also well settled by Hon’ble Supreme Court in the case of “Vidhyadahar Ws. Manikrao” reported in AIR 1999 SC 1441. The Hob'ble Apex Court in the Case of "Adivekka & Ors v/s Hana-mavva Koram Venkatesh and ors resported in**

**Air 2007 SC 2025 Note- a S .114 of Evidence Act."Non Examination of party to suit, adverse Inference can be drawn against the party"**

(૧૧) હવે જયારે વાદીની સોગંદ પરની જુબાની અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ વાદી કાયદેસરના બાકી લેણા રૂા. ૧,૯૬,૮૫૧.૩૦/- પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બનેલ છે અને વાદીએ દાવા તારીખથી વાર્ષિક ૧૨.૩૫% લેખે વ્યાજ સહિત ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે ત્યારે હાલનો દાવો નાણા વસુલ મેળવવા અંગનું હુકમનામુ મેળવવા અંગનો અને વાદીની મુદલ રકમ રૂા.૧,૯૬,૮૫૧.૩૦/- પુરાવાથી નકકી થતી હોય, ત્યારે સી.પી.સી. કલમ-૩૪ મુજબ તે રકમ ઉપર દાવા તારીખથી રકમ વસુલ થતાં લગી વાર્ષિક ૬% લેખે વ્યાજ ચુકવવું વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે.

(૧૨) આમ, પ્રતિવાદી પક્ષે વાદીના રજુ થયેલ પુરાવાને પડકારવામાં આવેલ નથી કે વાદીના પુરાવાને નકારતો કોઈ પુરાવો પ્રતિવાદી તરફે રજુ નથી તેવા સંજોગોમાં વાદીનું પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણું પુરવાર થયેલ ગણવામાં આવે છે, જેથી રજુ થયેલ વાદીના સરતપાસના સોંગદનામા અને દસ્તાવેજી પુરાવા પરથી ઉપરોકત હકીકત ન માનવા માટે કોઈ કારણ જણાય આવતુ નથી. સદરહું દાવામાં પ્રતિવાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં જવાબ રજુ કરેલ નથી, એટલું જ નહિ પરંતુ દાવાના પુરાવાની કાર્યવાહીમાં પણ હાજર રહેલા નથી, તેથી વાદીની સોગંદ પરની જુબાની પડકારાયેલ નથી તેવા સંજોગોમાં તેવું અનુમાન થઈ શકે કે પ્રતિપક્ષ સોગંદ પરની જુબાનીને સાચી માને છે, સોગંદ પરની જુબાનીને ન માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતું નથી. આ સંજોગોમાં વાદીની જુબાની પાકા દાખલ તેમજ રજુ થયેલા દસ્તાવેજો માનવામાં આવે છે, તેથી મુદ્દા નં. ૧, ૨ નો જવાબ “હકારમાં” તથા મુદા નં. ૩ નો જવાબ ‘અંશત: હકારમાં’ ‘ આપુ છુ.

આમ, પ્રતિવાદી તરફથી વાદી કરતાં વધુ સબળ પુરાવા રજુ થયેલા ન હોય ત્યારે પ્રતિવાદી પાસે સબળ પુરાવા ન હોવાનું અનુમાન કરવું પડે તેમ જણાય છે અને વાદી પ્રતિવાદી પાસેથી પોતાની લેણી રકમ મેળવવા હકકદાર છે અને વાદીને દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આમ, ઉપર મુજબની ચર્ચાના અંતે વાદી પોતાની દાવા અરજીની હકીકતો સાબિત કરી શકયા છે તેવા સંજોગોમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુક મ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) વાદીનો દાવો આથી અંશત: મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી રૂા. ૧,૯૬,૮૫૧.૩૦/– દાવા તારીખથી વસૂલ આવે ત્યાં સુધી વાર્ષિક ૬% ના વ્યાજના દરે આ કામના પ્રતિવાદી પાસેથી વસૂલ મેળવવા હકકદાર છે.

(૩) વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવવો તથા પ્રતિવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

તા.૧૧/૦૩/૨૦૨૬ (કુ.યુ.બી.દેવડા)
સ્થળ:ગોંડલ બીજા અધિક સીનીયર સીવલ જજ
ગોંડલ(કોડ નં.જીજે.૦૧૨૫૯)